GJVD021047992024

**૧૩ માં એડી. ચીફ જ્યુડી.મેજી. શ્રી વી. એસ. પટેલ સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.**

---

**ફોજદારી કેસ નં.** 94772-2024

**આંક:**

**ફરિયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી/ઓ :-** **બ્રિજેશભાઈ રામદેવ શુકલા**
**રહે. સી/૪૩ઘ બ્રિન્દ રેસીડન્સી લક્ષ્મીપુરા,**
**તા. જી. વડોદરા.**

**ગુન્હોઃ BNS કલમ 223 મુજબ**

**:: ચુકાદો ::**

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

( ૧ ) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટના કોલમ નં. ૫માં જણાવ્યા મુજબનો આરોપીએ ગુન્હો કરેલ હોય , આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

( ૨ ) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા **કબુલાત પુરશીસ** તેમજ ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની **આરોપીની પ્લી** નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઇ પણ જાતના દબાણ વગર , સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને

આરોપીને **BNS કલમ 223** મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે, આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

( ૩ ) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચ્યાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ . આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા, આરોપીની વિરૂધ્ધ આ પ્રકારનો પ્રથમ ગુનો હોય , ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## :: હુકમ ::

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે **BNS કલમ 223** મુજબ નાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા. ૨૦૦/– અંકે રૂપિયા બસ્સો પુરા/–** નો દંડ નો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખ ત અને જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આજ રોજ તારીખ **૧૪ મી** માહે **ડીસેમ્બર** સને **૨૦૨૪** નાં રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૧૨/૨૦૨૪.
સ્થળ:– વડોદરા.

**( વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ )**
૧૩ માં એડી.ચીફ.જયુડી.મેજી.
વડોદરા.
**કોડ: જીજે ૦૧૪૮૪**

ડી. આર. વારકે